Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧. પ્રતિતંત્રસિદ્ધાન્ત—જે અર્થ બાહ્યમાં સાધ્ય પ્રતિવાદીએ મેળવ્યા જ અંગીકાર કર્યો છે, બીજાએ અંગીકાર કર્યો નથી, તે અર્થ પ્રતિતંત્ર સિદ્ધાન્ત કહેવાય છે. જેમ, બૌદ્ધોએ પોતાના મત વિષે શૂન્યતા સિદ્ધ કરવાને અંગીકાર છે, તે પ્રતિતંત્રસિદ્ધાન્ત.

૨. અધિકરણસિદ્ધાન્ત—જે અર્થની સિદ્ધિ થયા પછી પ્રસ્તુત અર્થની સિદ્ધિ થાય, તેને અધિકરણસિદ્ધાન્ત કહે છે. જેમ, ઘટાદિક કાર્ય કારણ પક્ષ વગેરે, ઉપાદાન ગોચર અપરોક્ષ જ્ઞાન—ચિકીર્ષાકૃતિવાળા પુરુષવડે જન્યત્વ સિદ્ધ કર્યા પછી પ્રધિરૂપ સર્વજ્ઞપણું સિદ્ધ થાય છે. અર્થાત્ એ અનુમાનનો આકાર આવો થાય. ઘટાદિ કાર્ય ઉપાદાનગોચરાપરોક્ષજ્ઞાનચિકીર્ષાકૃતિમત્પુરુષજન્ય, કાર્યત્વાત્ ઘટવત્। "ઘટાદિ કાર્ય, ઉપાદાન ગોચર અપરોક્ષ જ્ઞાન, ચિકીર્ષા, અને કૃતિ, એ ત્રણથી યુક્ત એવા પુરુષવડે જન્ય છે; કાર્ય છે માટે; ઘટની પેઠે." આને અધિકરણ સિદ્ધાન્ત કહે છે, કેમ કે અહીં કાર્ય તે કુંભાર કર્યા કરે છે, કેમકે તેને ઉપાદાન જે મૃત્તિકા તે વિષે અપરોક્ષ જ્ઞાન છે, ચક્રો ઉત્પન્ન કરવાની ઇચ્છા છે, અને કૃતિ રૂપ પ્રયત્ન પણ તે કરે છે; પણ જ્યારે ઈશ્વર કાર્ય તો અદૃષ્ટાદિક દ્વારાથી તેનાં ઈશ્વર નિત્ય જીવ કોઈ ઉપાદાન ગોચર અપરોક્ષ જ્ઞાનાદિ સંભવતાં નથી; માટે એવા જ્ઞાનવાળો જ્યારે ઈશ્વર કર્તા પ્રધિર તે સાર્થક્ય હોય નહિંતો. આવી રીતે પ્રધિરનું સર્વજ્ઞત્વ સિદ્ધ કર્યું છે, માટે તો અધિકરણસિદ્ધાન્ત કહેવાય છે.

૩. અભ્યુપગમસિદ્ધાન્ત—પરીક્ષા, સૂત્રમાં નહિ કહેલા અર્થનો જે અંગીકાર અભ્યુપગમસિદ્ધાન્ત કહેવાય છે. જેમ ન્યાયવિષે ઇંદ્રિયવાળાનો અંગીકાર એ અભ્યુપગમસિદ્ધાન્ત છે.

सुखम्—सर्वेषामनुकूलत्वं केषांचित् प्रतिकूलम्। સર્વ પ્રાણીઓને અનુકૂલતા રૂપે ઓળખે, પણ કેટલાકને જે જ્ઞાનનો વિષય હોય છે, અર્થાત્ પ્રાણીના અર્થે પ્રાણી આ અમને પ્રાપ્ત થાય, એ પ્રમાણે કેવી પ્રાપ્તિની ઇચ્છા કરે છે તે સુખ કહેવાય છે.

૨. दुःखमनत्यन्तमनभिमतमेवेष्टविषयानुभवः सुखम्। આ અમારે દુઃખનું સાધન છે, એ પ્રકારે દુષ્ટ લાગવાથી જ્ઞાનવડે અત્યન્ત એવી જે જન્ય ઇચ્છા છે, તે ઇચ્છાનો જે વિષય હોય તથા સુખ હોય તે સુખ કહેવાય. અહીં અત્ર વિચારવાનું છે—ઇષ્ટસ્વરૂપી? વિષયો સુખના દુઃખનાં સાધન છે, પણ સુખ દુઃખ બીજા દુઃખનું સાધન નથી, કેમકે તે સુખ જ પ્રતિકૂલ છે, તેથી તે પ્રતિકૂલ દુઃખ છે. એવા સુખમાં દોષને જે ઇચ્છા થાય છે, તે સુખ માટેના જ્ઞાન વડે જ જન્ય છે. દુઃખ સંબંધી જ્ઞાનવડે જન્ય નથી, માટે દુષ્ટ લાગવાના જ્ઞાનવડે અજન્ય અને 'અને સુખ થઈ જો' એ પ્રકારથી સુખ ઇચ્છવા. જ્ઞાનથી જન્ય એવી ઇચ્છા છે. તે પ્રમેયના વિષયભૂત સુખ છે, અને તે સુખ પક્ષ છે, માટે કેવળ સાધ્ય એળખે છે.

३. अहं सुखीभूयासमित्यनुकूलः कृत्स्नः। હું સુખી છું એ પ્રકારના સાધ્ય પ્રત્યક્ષ રૂપ અનુભવનો જે વિષય હોય તથા સુખ હોય તે સુખ.

४. अन्तःप्रसवरीतिरिच्छा विषयाणां इति भावः सुखम्। પોતાની ઇચ્છાને વિષય બીજાની ઇચ્છાને આધીન ન હોય એવું કાર્યરૂપી તે સુખ.

५. राजपरिणामप्रीत्याप्यचित्तप्रीतिरितीयं सत्त्व गुणना परिणाम. રજ ચિત્તની પ્રીતિ નામે એક પ્રકારની વૃત્તિ તે સુખ.

सुखगुणाः—સુખ પણ ત્રિવિધ ઇત્યાદિ-નોંધ રહે છે. એ ચાર પ્રકારનો છે:—(૧) દૈવિક, (૨) આધિભૌતિક, (૩) માનસિક અને (૪) અભ્યાસિક. એ સમજાં સુખ અનિત્ય છે.

सुखादिनोत्पन्ना प्रमा—સુખ, દુઃખાદિકને વિષય કરનારી જ્ઞાનરૂપ પ્રમા.

For Private And Personal Use Only